# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૧/૧૦/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા "ડેવલપમેન્ટ ઓફ બિઝનેસ સપોર્ટ એન્ડ અન્ડરસ્ટેન્ડીંગ ધ ઈન્ડસ્ટ્રીયલ લોજીસ્ટીક્સ રીક્વાયરમેન્ટ" વિષય પર વેસ્ટર્ન રેલ્વેના DRM શ્રી જી. વી. એલ. સત્યકુમાર જોડે વાર્તાલાપ યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આજરોજ વેસ્ટર્ન રેલ્વેના ડિવીઝન મેનેજર શ્રી જી. વી. એલ. સત્યકુમાર જોડે ટેક્સટાઈલ ઉદ્યોગના ઉદ્યમીઓ જોડે રેલ્વે દ્વારા ચાલુ કરવામાં આવેલ વિવિધ પ્રકારની લોજીસ્ટીક્સ સર્વીસીસ અંગે વાતાલાપ યોજાયો હતો.

આ પ્રસંગે ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યું હતું કે, મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે લોજીસ્ટીક કોસ્ટ ઘણો મહત્વનો હોય છે. અમુક ઈન્ડસ્ટ્રીમાં કુલ કોસ્ટના ૧૧% જેટલો લોજીસ્ટીક કોસ્ટ પણ હોય શકે છે. એક સર્વેના અનુસંધાનમાં જણાવ્યુ હતું કે, ભારતના પાડોશી દેશોમાં લોજીસ્ટીક કોસ્ટ ભારતની સરખામણીએ ૧૪% જેટલુ ઓછું છે. આના કારણે આંતરાષ્ટ્રીય સ્તરે ભારતના પ્રોડક્શનની કમ્પીટીટીવનેસમાં ઘટાડો થયેલ છે. આ સંજોગોમાં રેલ્વે દ્વારા ચાલુ કરવામાં આવેલા VIP લોજીસ્ટીક્સ સર્વીસીસ એ ઉદ્યોગકારોને પોતાનો ટ્રન્સપોર્ટેસન કોસ્ટ ઘટાડવા પણ મદદરૂપ થઈ શકે છે, સાથે સાથે એમેને સત્યકુમાર સાહેબને લોકડાઉન દરમ્યાન શ્રમિક સ્પેશ્યલ ટ્રેન ચલાવવા બદલ આભાર

માન્યો હતો. કર્મચારીઓની અવર-જવર માટે સુરત થી વાપી અને સુરત થી વડોદરા વચ્ચે મેમો ટ્રેન ચાલુ કરાવવા મૌખિક રજુઆત કરેલ હતી.

શ્રી જી. વી. એલ. સત્યકુમારે જણાવ્યુ હતું કે, નિતી આયોગ દ્વારા કોસ્ટ સ્ટડી અંતર્ગત ભારતમાં લોજીસ્ટીક કોસ્ટ ઊંચો હોય તેવું તારણ કાઢવામાં આવેલ છે તો આ કેસ્ટને નીચો લાવવા અર્થે રેલ્વેનો સહકાર મેળવી નીચો લાવવા પ્રયાસ ચાલુ કરેલ છે. જે અંતર્ગત રેલ્વે દ્વારા સ્પેશ્યલ લોજીસ્ટીક સર્વીસીસ ડિઝાઈન કરવામાં આવેલ છે. નિતી આયોગ પ્રમાણે GDP ની દ્રષ્ટિએ સુરત આઠમા નંબરનું ભારતનું સૌથી મોટ્ટ શહેર હોય, સુરતમાં ચાલતા ધંધા-ઉદ્યોગોનો લોજીસ્ટીક કોસ્ટ ઘટાડવા માટે રેલ્વેને જણાવ્યુ હતું. તે અંતર્ગત રેલ્વે દ્વારા છેલ્લા બે વર્ષથી સર્વે હાથ ધરવામાં આવેલ હતો અને એ સર્વેના પરિણામ થકી સુરતથી ખાસ ચાલુ થતી પાંચ અલગ-અલગ રૂટની પાર્સલ માટે સ્પેશ્યલ ટ્રેન ચાલુ કરવાનો નિર્ણય લીધેલ છે. રેલ્વેના સર્વે પ્રમાણે સુરતથી ટેક્સટાઈલ ક્ષેત્રે દરરોજ ૫૦૦ ટ્રક જેટલુ મટીરીયલ ટ્રક દ્વારા ભારતભરમાં ટ્રન્સ્પોર્ટ કરવામાં આવે છે અને માત્ર એક ટ્રક જેટલો માલ રેલ્વેમાંથી ટ્રન્સપોર્ટ કરવામાં આવે છે. જ્યારે રોડ ટ્રાન્સ્પોર્ટ કરતાં રેલ્વે ટ્રાન્સ્પોર્ટની કોસ્ટ ૫૦% ઓછો છે, તેમ છતાં પણ રેલ્વેને ટેક્ષટાઈલ ક્ષેત્રનો ટ્રાન્સ્પોર્ટ મળતો નથી. આ નિરીક્ષણ કર્યા બાદ રેલ્વે દ્વારા સુરતની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીને ધ્યાનમાં રાખી વેસ્ટર્ન રેલ્વે દ્વારા સ્પેશ્યલ લોજીસ્ટીક પ્રોડક્ટ ડીઝાઈન કરવામાં આવેલ છે અને સુરત ખાતે બિનઝનેસ ડેવલપમેન્ટ મેનેજરની રેલ્વે દ્વારા નિમણૂંક કરવામાં આવેલ છે. વધુમાં જણાવ્યુ હતું કે, ફ્રેટ ઈન્સેન્ટીવ સ્કીમ અંતર્ગત જો વન-વે ટ્રાફિકના ખાલી વેગન સુરતથી જવાના હોય તો ઓટોમેટીક ૧૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. રાઉન્ડટ્રીપ, પેટકોક ટ્રાન્સપોર્ટેશન, સ્ટીલ પાઈપ અને ફ્લાયએસ જેવી માલ આઅવાગમન માટે ફ્રાઈટ ઈન્સેન્ટીવ સ્કીમ અમલમાં મુકેલ છે.

વેસ્ટર્ન રેલ્વે દ્વારા ઉધના ખાતે PPP મોડ ઉપર ગુડશેડ બનાવવાની યોજના છે, જે અનુસંધાને DRM દ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે, તેને આઠ જ મહિનામાં અમલમાં મુકવાની રેલ્વેની તૈયારી છે. આ ગુડસ્ શેડ ટર્મીનલ ડેવલપમેન્ટ PPP મોડ પર કરવાની પરવાનગી મળેલ હોય, જે કોઇપણ ઉદ્યોગપતિઓને આગળ આવવુ હોય તે ટેન્ડર ભરી શકે છે, જે થોડા સમયમાં બહાર પડશે. વેગન સ્કીમ અંતર્ગત સ્પેશ્યલ ફ્રાઈટ ટ્રેન ઓપરેશન સ્કીમ પણ ચાલુ કરવામાં આવેલ છે, જેના વિશે વિગતવાર માહિતી સુરત ખાતેના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર પાસેથી મળી રહેશે.

ચેમ્બરના સેક્રેટરી નિખીલ મદ્રાસીએ સમગ્ર સેમીનારનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ સર્વેનો આભાર માન્યુ હતું અને જણાવ્યુ હતુ કે, ફેબ્રિક્સ અને ગારમેન્ટ સાથે સાથે યાર્ન માટે પણ પોઈન્ટ ટુ પોઈન્ટ સ્પેશ્યલ ગુડ્સ ટ્રેન ચાલુ કરાવવા વિનંતી કરી હતી.